નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) જ્યારે નમાઝ પઢતા તો પોતાના બંને હાથને એટલા ફેલાવતા કે બગલોની સફેદી નજર આવવા લગતી

અબ્દુલ્લાહ બિન માલિક બિન બુહૈનહ રઝી અલ્લાહુ અન્હુ (અલ્લાહ તેમનાથી રાજી થાય)
રિવાયત કરે છે: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) જ્યારે નમાઝ પઢતા તો પોતાના બંને હાથને એટલા ફેલાવતા કે બગલોની સફેદી નજર આવવા લગતી.
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) જ્યારે સિજદો કરતાં તો સિજદા દરમિયાન પોતાના બંને હાથને એટલા ફેલાવતા; અને બંને હાથને બાજુઓથી એવી રીતે દૂર રાખતા, જેમકે એક પક્ષી પોતાની પાંખો ફેલાવે છે, અહીં સુધી કે તેમની બગલોની સફેદી નજર આવવા લગતી; કારણકે આ બંને બાજુઓને ફેલાવવામાં અને હાથને દૂર કરવામાં ખૂબ જ અતિશયોક્તિ છે.

http://www.sunnah.global/hadeeth/gu/show/3220